# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર




**આણંદ મહિલા પોલીસ સ્ટેશનમાં એન્ટી કરપ્શન બ્યૂરોનો 'ટ્રેપ' ધડાકો | મહિલા ASI અને હેડ કોન્સ્ટેબલ રંગેહાથ ઝડપાયા**

# આણંદમાં ૧.૧૦ લાખની લાંચ લેતા ૨ પોલીસ કર્મી પકડાયા

**પુત્રવધૂની અરજીમાં** પતાવટ કરવા અને પાસપોર્ટ જપ્ત ન કરવા માંગી હતી લાંચ

**રેલવે ગોદી પાસે** એસીબીએ બિછાવેલી જાળમાં બંને પોલીસકર્મીઓ ફસાયા



(પ્રતિનિધિ) આણંદ તા.૧૦

આણંદ શહેરમાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો એ બુધવારના રોજ મોટી કાર્યવાહી કરતા મહિલા પોલીસ સ્ટેશનની બે મહિલા પોલીસ કર્મચારીઓને રૂ. ૧.૧૦ લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડી છે. આ કાર્યવાહીથી પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. ખાસ કરીને મહિલાઓની સુરક્ષા અને ન્યાય માટે કાર્યરત મહિલા પોલીસ સ્ટેશનના જ કર્મચારીઓ લાંચ લેતા પકડાતા ચર્ચાનો વિષય બન્યો છે.

સ્ત્રોતો પાસેથી મળતી વિગતો મુજબ, આ કામના ફરિયાદી અને તેમના પરિવાર વિરુદ્ધ તેમની પુત્રવધૂએ મહિલા પોલીસ સ્ટેશન, આણંદ ખાતે એક અરજી કરી હતી. આ અરજીના કામે ફરિયાદીના પરિવારના સભ્યોને હેરાન નહીં કરવા તેમજ ફરિયાદીના પુત્રનો પાસપોર્ટ જમા નહીં લેવા માટે વુમન આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર ગીતાબેન દોઠાએ રૂ. ૧.૧૦ લાખની લાંચની માંગણી કરી હતી. આ તપાસમાં વુમન હેડ કોન્સ્ટેબલ પુષ્પાબેન ગરાસીયા પણ સંડોવાયેલા હતા.

અલબત્ત, ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે એસીબીનો સંપર્ક કર્યો હતો. અમદાવાદ શહેર એસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર. શેઠ અને તેમની ટીમે આણંદ રેલવે સ્ટેશન પાસે આવેલી રેલવે ગોદીના ગેટની અંદર, ટ્રાફિક પોલીસ ચોકીની પાછળ જાહેર સ્થળે છટકું ગોઠવ્યું હતું. આ છટકા દરમિયાન બંને મહિલા પોલીસ કર્મચારીઓએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી હતી અને સ્થળ પર જ આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર ગીતાબેને રૂ. ૧.૧૦ લાખ સ્વીકારતા એસીબીની ટીમે તેમને દબોચી લીધા હતા.

આ ઓપરેશનમાં એસીબી અમદાવાદ એકમના મદદનીશ નિયામક એમ.એચ. પુવારના સુપરવિઝન હેઠળ અને ઈન્ચાર્જ નાયબ નિયામક હરેશ મેવાડાના માર્ગદર્શનમાં પાર પાડવામાં આવ્યું હતું. એસીબીએ લાંચની પૂરેપૂરી રકમ રિકવર કરી બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પેટલાદમાં લાંચ લેતા ફિલ્ડ એન્જીનીયર ઝડપાયો

**રૂ. ૪ લાખની સહાય** મંજૂર કરાવવાના બદલામાં કુલ ૫૦ હજારની માંગણી કરી, વચેટિયો ફરાર

(પ્રતિનિધિ) પેટલાદ તા.10

પેટલાદમાં વડાપ્રધાન આવાસ યોજના 2.0ના ફોર્મ ભરી લાભાર્થીઓને સહાય મંજુર કરવાનું કામ કાર્યરત છે. આ યોજનાનું કામ સરકારની એજન્સી દ્વારા થઈ રહ્યું છે. આ એજન્સીનો એક ફિલ્ડ એન્જીનીયર છેલ્લા પાંચેક વર્ષથી આ યોજનાનું કામકાજ સંભાળે છે. જેની સામે ભ્રષ્ટાચારના અનેક વખત આક્ષેપો થયા હતા. આ કામગીરીનું સંચાલન નગરપાલિકા થકી થતું હોવાથી ચીફ ઓફીસરને પણ લાભાર્થીઓએ ખાયકી થતી હોવાની અનેકવાર રજુઆતો કરી હતી. પરંતુ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે કેટલાક પદાધિકારીઓની પણ સંડોવણી હોવાના કારણે કોઈ પગલાં લેવાતાં ન્હોતા. છેવટે એક લાભાર્થીએ એન્ટી કરપ્શન બ્યૂરોને જાણ કરતા ગઈકાલે રાત્રે આ ફિલ્ડ એન્જીનીયર લાંચ લેતા ઝડપાઇ ગયો હતો. જ્યારે તેનો એક સાગરીત ફરાર છે.

પેટલાદમાં પીએમ આવાસ યોજના 1.0 ની શરૂઆત વર્ષ 2017-18 થી થઈ હતી. જેના થકી લાભાર્થીને સાડા ત્રણ લાખ આવાસ બનાવવા મળતા હતા. આ યોજના હેઠળ પેટલાદમાં લગભગ 800 જેટલા આવાસ બન્યા હતા. સમય જતાં કેન્દ્ર સરકારે યોજના 2.0 અમલી બનાવી હતી. જે હેઠળ લાભાર્થીને ચાર લાખ રૂપિયા આવાસ બનાવવા મળી રહ્યા છે. પીએમ આવાસ યોજના 2.0 હેઠળ અત્યાર સુધીમાં લગભગ 200 જેટલી અરજીઓ મંજુર થઈ ગઈ હોવાનું જાણવા મળે છે. એટલે કે પેટલાદ નગર પાલિકા હદ વિસ્તારમાં આશરે એક હજાર લાભાર્થીઓને આવાસ બનાવવા સરકાર દ્વારા અંદાજીત રૂ.36



કરોડ જેટલી રકમ મળી ચુકી છે. પરંતુ આ યોજનાની શરૂઆતથી જ વચેટીયાઓએ કટકી ખાવાની શરૂઆત કરી હતી.

દરમિયાનમાં એક લાભાર્થીએ એન્ટી કરપ્સન બ્યૂરોને ફરીયાદ આપી જણાવ્યું હતું કે તેમના પિતાના નામે આવાસ મંજુર થયું હતું. પરંતુ મંજુર થયેલ આવાસની ચાર લાખ રકમમાંથી વેપકોસ એજન્સીના ફિલ્ડ એન્જીનીયર જયેશ જાદવ રૂપિયા પચાસ હજારની માંગણી કરતો હતો. જે પૈકી પ્રથમ હપ્તાની રૂપિયા સીત્તેર હજાર રકમમાંથી રૂપિયા દસ હજાર આપવાના હતા. જેમાંથી રૂપિયા બે હજાર આ ફિલ્ડ એન્જીનીયરનો સાગરીત અને વચેટીયો નગીન તળપદા લઈ ગયો હતો. પરંતુ ફરીયાદી હવે આગળની રકમ આપવા માંગતા ન્હોતા. જેથી તેઓ એસીબીના શરણે પહોંચ્યા હતા.જેથી એસીબી આણંદના પોલીસ ઈન્સ્પેક્ટર આર. એન. વિરાણી, એસીબી અમદાવાદ એકમના મદદનીશ નિયામક એમ.એચ. પુવાર, ઈ.ચાર્જ અધિકારી નાયબ નિયામક હરેશ મેવાડા સહિત પોલીસ કાફલાએ છટકું ગોઠવ્યુ હતું. જે મુજબ ફરિયાદીએ પ્રથમ કટકીના દસ હજાર પૈકી બાકી રહેલા આઠ હજાર લેવા પેટલાદ કોલેજ ચોકડી સ્થિત રીલાયન્સ સ્માર્ટ બજારના પાર્કીંગમાં લેવા જયેશ જાદવને ગતરોજ તા.9 જુનના રોજ બોલાવ્યો હતો. જે સમયે આઠ હજાર રૂપિયા સ્વીકારતા જયેશ જાદવ રંગેહાથ ઝડપાઈ ગયો હતો. જ્યારે આરોપી નં.2 નગીન તળપદા હાજર નહીં હોવાથી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

### પ્રધાનમંત્રી આવાસના લાભાર્થી દીઠ આશરે ૫૦ હજારની કટકી લેવાતી હોવાની બૂમ

એક લાભાર્થી દીઠ લગભગ રૂપિયા પચ્ચીસ હજારથી પચાસ હજાર વચેટીયાઓ લેતા હોવાની ફરીયાદો અનેક વખત ઉઠી હતી. જો લાભાર્થી વચેટીયાઓને કટકી ના આપે ત્યાં સીધી સહાયના હપ્તા પણ પડતા ન્હોતા. આ પરિસ્થિતીમાં અનેક લાભાર્થીઓએ તત્કાલિન પાલિકા પ્રમુખ, ચીફ ઓફીસર, ભાજપના નેતાઓ સુધી રજુઆત કરવામાં આવતી હોવાની વાત જગજાહેર છે. પરંતુ ભાજપ સંગઠનના કેટલાક ભૂતપૂર્વ હોદ્દેદારો, તત્કાલિન પ્રમુખ, ચીફ ઓફીસર, યોજના વિભાગના કર્મચારી સહિત અનેકની સંડોવણી હોવાના કારણે લાભાર્થીઓને ન્યાય મળતો ન્હોતો. ભ્રષ્ટાચારી કર્મચારીઓ ઉપર તેમના ગોડફાધરોના છુપા આશિર્વાદ હોવાના કારણે લાભાર્થીઓ લાચાર બની ગયા હતા

## આણંદના રેસ્ટોરન્ટ અને આઈસ્ક્રીમ પાર્લરમાં ગંદકી

**લેન્ડસ્કેપ રેસ્ટોરન્ટ** અને સર્વોદય આઈસ્ક્રીમમાં ગંદકી જણાતા રૂ. 43 હજારનો દંડ



(પ્રતિનિધિ) આણંદ તા.૧૦

કરમસદ-આણંદ મનપાના આરોગ્ય વિભાગે શહેરના ખાણીપીણીના એકમો પર આકસ્મિક તપાસનો કોરડો વીંઝ્યો છે. મનપા કમિશનર આર. એન. ડોડીયાની સૂચના હેઠળ આરોગ્ય અધિકારી ડો. રાજેશ પટેલની ટીમે વિવિધ સ્થળોએ તપાસ હાથ ધરી હતી, જેમાં સ્વચ્છતાનો અભાવ જણાતા લેન્ડસ્કેપ રેસ્ટોરન્ટ, સર્વોદય આઈસ્ક્રીમ અને મસ્તી લસ્સી પાસેથી કુલ રૂપિયા 43 હજારનો વહીવટી દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

આરોગ્ય વિભાગની ટીમ દ્વારા બુધવારે શહેરના મુખ્ય માર્ગો પર આકસ્મિક તપાસણી હાથ ધરવામાં આવી હતી. ખાસ કરીને અમૂલ ડેરી રોડ પર સ્થિત પ્રતિષ્ઠિત લેન્ડસ્કેપ રેસ્ટોરન્ટ અને સર્વોદય આઈસ્ક્રીમમાં તપાસ દરમિયાન ભારે ગંદકી અને સ્વચ્છતાના નિયમોનું ઉલ્લંઘન જોવા મળ્યું હતું. આ ઉપરાંત ગંજ વિસ્તારમાં કાર્યરત મસ્તી લસ્સી સેન્ટરની લારી પર પણ તપાસ કરવામાં આવી હતી. આ ત્રણેય એકમોમાં હાઈજીનનો અભાવ જણાતા આરોગ્ય વિભાગે સ્થળ પર જ દંડની વસૂલાત કરી હતી.

આ અંગે મનપાના આરોગ્ય અધિકારીના જણાવ્યા અનુસાર, આ ઝુંબેશ આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે. શહેરની તમામ હોટલ, રેસ્ટોરન્ટ અને ખાણીપીણીની દુકાનોને સ્વચ્છતા અને હાઈજીન જાળવવા માટે ખાસ અનુરોધ અને તાકીદ કરવામાં આવી છે.

**રશિયામાં મોલની નોકરીના બહાને યુવકોને બરફ સાફ કરવા મજબૂર કરાયા**

## બાલાસિનોરના ૩ યુવક સાથે બોરસદના શખસે ૧૦.૩૮ લાખની છેતરપિંડી કરી

**વડોદરાના એજન્ટે** વર્ક વિઝાના બદલે વિઝિટર વિઝા પધરાવી છેતરપિંડી આચરી

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૧૦

વિદેશમાં ઉજ્જવળ ભવિષ્ય અને આકર્ષક પગારની લાલચમાં બાલાસિનોરના ત્રણ આશાસ્પદ યુવકો મોટી છેતરપિંડીનો ભોગ બન્યા છે. રશિયામાં મોલ અને વેરહાઉસમાં નોકરી અપાવવાના બહાને વડોદરા અને મુંબઈના એજન્ટોએ આ યુવકો પાસેથી કુલ રૂ. ૧૦,૩૮,૩૦૦ પડાવી લીધા હતા. વર્ક વિઝાની ખાતરી આપી તેમને માત્ર ૮૯ દિવસના વિઝિટર વિઝા પર રશિયા મોકલી દેવાયા હતા, જ્યાં તેમની પાસે વેરહાઉસના બદલે કડકડતી ઠંડીમાં બરફ સાફ કરવાનું મજૂરી કામ કરાવાયું હોવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

બાલાસિનોરના વિજય ટોકિઝ રોડ પર રહેતા અને ઈલેક્ટ્રિક રિપેરિંગનું કામ કરતા ૨૩ વર્ષીય મોહંમદઅનીશ શેખે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના પિતરાઈ ભાઈએ વ્હોટ્સએપ પર 'મિર્ઝા ઈન્ટરનેશનલ'ની જાહેરાત જોઈ હતી. તેના આધારે વડોદરામાં ઓફિસ ધરાવતા એજન્ટ ઈકબાલ મિર્ઝાનો સંપર્ક કર્યો હતો. એજન્ટે રશિયામાં દૈનિક ૩૦૦૦ થી ૩૫૦૦ રશિયન રૂબલ પગાર અપાવવાની લાલચ આપી હતી.

આ એજન્ટે પ્રત્યેક વ્યક્તિ દીઠ રૂ. ૩.૪૫ લાખ નક્કી કર્યા હતા. ફરિયાદી અને તેના મિત્રોએ ટુકડે-ટુકડે કુલ રૂ. ૯,૭૮,૩૦૦ ચૂકવ્યા હતા અને અન્ય રશિયન રૂબલ પણ કન્વર્ટ કરાવ્યા હતા. એજન્ટે વિશ્વાસ આપ્યો હતો કે ૧૫ દિવસમાં બિઝનેસ વિઝામાંથી વર્ક વિઝા થઈ જશે, પરંતુ છેલ્લી ઘડીએ માત્ર ૮૯ દિવસના વિઝિટર વિઝા આપી રશિયા રવાના કરી દીધા હતા.

આખરે ફસાયેલા યુવકો ૧૭ માર્ચ ૨૦૨૬ના રોજ સ્વખર્ચે પરત ફર્યા હતા. એજન્ટ સામે ફરિયાદ કરતા તેણે ધમકી આપી હતી, જેના પગલે બાલાસિનોર ટાઉન પોલીસે મુખ્ય આરોપી ઈકબાલ મિર્ઝા (રહે. બોરસદ) અને મહિલા એજન્ટ આઈશા શકીલ શેખ (રહે. મુંબઈ) વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પેટલાદના સુદરા ગામના એજન્ટ અને રશિયન નાગરિકત્વ ધરાવતા રીમ્પલકુમાર અરવિંદભાઈ પટેલ તથા રશિયાના સ્થાનિક એજન્ટોએ ભેગા મળીને અનેક વિદેશ વાંચ્છુને ફસાવવાના મોટા નેટવર્કનો પર્દાફાશ થયો હતો. આ અંગે તપાસ હજુ ચાલુ છે.

### મોસ્કો પહોંચતા જ ભાંડો ફૂટ્યો

બાલાસિનોરના યુવકો ચોથી ફેબ્રુઆરીના રોજ મોસ્કો પહોંચ્યા ત્યારે ત્યાં હાજર અન્ય એક બ્રોકરે તેમની પાસેથી નાણાં પડાવી લીધા હતા અને તેમને ૪૦૦ કિલોમીટર દૂર લઈ જઈ બરફ સાફ કરવાના કામમાં ધકેલી દીધા હતા. આ કામના પણ તેમને કોઈ પૈસા આપવામાં આવ્યા નહોતા. યુવકોએ જ્યારે ઇન્ડિયન એમ્બેસીનો સંપર્ક કર્યો ત્યારે જાણવા મળ્યું કે વિઝિટર વિઝા ક્યારેય વર્ક વિઝામાં કન્વર્ટ થઈ શકતા નથી અને ત્યાં કામ કરવું ગેરકાયદે છે.

**સોશિયલ મીડિયા પર નકલી વર્ક પરમિટ મોકલી**

## કેનેડાના બહાને ઠગાઈ કરતી ટોળકીનો પર્દાફાશ



**પશ્ચિમ પોલીસે સેલ્વિન** મેકવાનને દબોચ્યો, અન્ય બે સાગરીતોની શોધખોળ શરૂ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૦

નડિયાદમાં વિદેશ જવાની ઘેલછા ધરાવતા નાગરિકોને શિકાર બનાવી લાખો રૂપિયાની ઠગાઈ આચરતી વડોદરા અને નડિયાદની ઠગ ત્રિપુટીનો પર્દાફાશ થયો છે. નડિયાદ પશ્ચિમ પોલીસે આ ચકચારી કેસમાં ત્વરિત કાર્યવાહી કરીને ટોળકીના મુખ્ય સૂત્રધાર સેલ્વિન મેકવાનને વડોદરાથી ઝડપી પાડ્યો છે.

વડોદરાનો સેલ્વિન મેકવાન નડિયાદના જૈનમ શાહ અને ફ્રેડી નામના શખ્સો સાથે મળીને ઓવરસિસ કન્સલ્ટન્સીના નામે ઠગાઈનું નેટવર્ક ચલાવતો હતો. આ ટોળકીએ નડિયાદના ગોપાલભાઈ ઝાલાને કેનેડા મોકલવાની લાલચ આપી વિઝા પ્રોસેસિંગના નામે સમયાંતરે કુલ 7 લાખની માતબર રકમ પડાવી લીધી હતી. લાંબા સમય સુધી વિઝા ન મળતા જ્યારે ગોપાલભાઈએ ઉઘરાણી કરી, ત્યારે પકડાઈ જવાની બીકે આ ઠગ ટોળકીએ તેમને સોશિયલ મીડિયા દ્વારા બનાવટી વિઝા અને નકલી વર્ક પરમિટ મોકલી આપી છેતરપિંડી આચરી હતી.

નડિયાદ પશ્ચિમ પોલીસે ડીવાયએસપી વિમલ બાજપાઈના માર્ગદર્શન હેઠળ ભોગ બનનારની ફરિયાદના આધારે વડોદરામાં ઓપરેશન પાર પાડી મુખ્ય આરોપી સેલ્વિન મેકવાનની ધરપકડ કરી છે. પોલીસ હાલ ફરાર અન્ય બે આરોપીઓને પકડવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસ કરી રહી છે. આ ટોળકીએ અન્ય કેટલા લોકોને આર્થિક શિકાર બનાવ્યા છે તે દિશામાં પણ ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે. આ તપાસમાં હજુ અનેક રહસ્યોનો ઘટસ્ફોટ થશે.

**સુરક્ષા સાધનો વિના કામ | જ્યોતિ ઇન્ફ્રાટેકની બેદરકારી સામે આવી**

## નડિયાદમાં લાઈન ખોદકામમાં ભેખડ ધસી પડતા શ્રમિક દટાયો

**સ્થાનિકોએ** જીવ બચાવી શ્રમિકને સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૦

નડિયાદના ઉત્તરસંડા રોડને આઈકોનિક રોડ બનાવવાની ચાલી રહેલી કામગીરીમાં સુરક્ષાના નિયમોને નેવે મૂકાયા હોવાની ગંભીર ઘટના સામે આવી છે. ડી માર્ટ નજીક લેન્ડમાર્ક કોમ્પ્લેક્ષની બહાર ચાલી રહેલા પાઈપલાઈનના ખોદકામ દરમિયાન અચાનક માટીની ભેખડ ધસી પડતા એક શ્રમિક દટાઈ ગયો હતો. આ ઘટનામાં ૨૦ મિનિટ સુધી માટીમાં દબાયેલા રહેલા શ્રમિકનો સ્થાનિકો અને અન્ય કામદારોએ સમયસર બચાવ કર્યો હતો.

આ ઘટનાની વિગત બપોરના સમયે ઉત્તરસંડા રોડ પર ૩ વોટર પાઈપલાઈન નાખવાની કામગીરી ચાલી રહી હતી. પાઈપના એલાઈનમેન્ટ માટે મુકેશ પરમાર નામનો મજૂર ૪ ફૂટ ઊંડા ખાડામાં ઉતર્યો ત્યારે અચાનક માટી ધસી પડી હતી. તેને બહાર કાઢવા માટે ૨૦ મિનિટ સુધી ભારે જહેમત ઉઠાવવી પડી હતી. આ અકસ્માતમાં અન્ય એક મજૂરને પણ સામાન્ય ઈજા પહોંચી હતી. હાલમાં મુકેશ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેની તબિયત સ્થિર છે.

એક તરફ તંત્ર સુરક્ષાના દાવા કરે છે, તો બીજી તરફ ૪ ફૂટ ઊંડા ખાડામાં ઉતરેલા મજૂર પાસે કોઈ સુરક્ષા સાધન નહોતું. હવે તંત્ર જવાબદાર એજન્સી સામે કડક પગલાં લેશે કે માત્ર ઠપકો આપીને સંતોષ માનશે, તે જોવું રહ્યું.

નડિયાદ મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર રૂદ્રેશ હુદળે જણાવ્યું હતું કે, કોન્ટ્રાક્ટર દ્વારા સલામતીનું ધ્યાન રાખવામાં આવે છે, જોકે તેઓ પોતે ઘટનાસ્થળે હાજર ન હતા.

### સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન



આ કામગીરી જ્યોતિ ઇન્ફ્રાટેક કંપની દ્વારા કરવામાં આવી રહી છે, જ્યાં કામદારોએ હેલ્મેટ કે સેફ્ટી શુઝ જેવા પ્રાથમિક સુરક્ષા સાધનો પહેર્યા ન હતા. એજન્સીના પ્રતિનિધિએ ગરમીનું બહાનું કાઢીને આ મામલે બચાવ કર્યો હતો. કાયદા મુજબ કાર્યસ્થળ પર ફર્સ્ટ એડ કીટ હોવી ફરજિયાત છે, પરંતુ અહીં તેનો પણ અભાવ જોવા મળ્યો હતો.

## બોરસદ નજીક અજાણ્યા વાહન ટક્કરે યુવકનું મોત

(પ્રતિનિધિ) બોરસદ તા.૧૦

બોરસદમાંથી પસાર થતાં વાસદ-તારાપુર હાઈવે પર આવેલા દાવોલ બ્રિજ ઉપર વહેલી સવારે એક અજ્ઞાત વાહનની ટક્કરે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં બોટાદ જિલ્લાના રામપુરા ગામના ૩૬ વર્ષીય ડ્રાઈવર કલ્પેશભાઈ ખીમજીભાઈ ઢાઢોદરાનું માથા તેમજ શરીરે ગંભીર ઈજાઓ થવાના કારણે ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું છે. મૃતક કલ્પેશભાઈ સોમવારે રાત્રે વડોદરા શાક માર્કેટમાં લીંબુ ખાલી કરવા માટે લોડિંગ વાહન લઈને નીકળ્યા હતા. મંગળવારે વહેલી સવારે આશરે સાડા છ વાગ્યાના સુમારે જ્યારે તેઓ પરત ફરી રહ્યા હતા, ત્યારે દાવોલ બ્રિજ પર કોઈ અજાણ્યા વાહને તેમની ગાડીને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ ઘટનાની જાણ થતાં જ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. બોરસદ સિટી પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## શ્રીરામ લાઈફ ઈન્સ્યો.ની મેનેજરનું ૩૯ લાખનું કૌભાંડ

**જૂની પોલિસીના** પ્રીમીયમ બારોબાર નવી પોલિસીઓમાં ડાયવર્ટ કરી વિશ્વાસઘાત આચર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૦

આણંદ જિલ્લાના ઓડ ગામના વીમાધારકો સાથે વિશ્વાસઘાત કરી, તેઓના પ્રીમીયમના નાણાં બારોબાર સેરવી લઈને નવી પોલિસીઓ ખોલી નાખવાનો સનસનાટીભર્યો મામલો પ્રકાશમાં આવ્યો છે. શ્રીરામ લાઈફ ઈન્સ્યોરન્સ, આણંદ બ્રાન્ચની તત્કાલીન મહિલા બ્રાન્ચ મેનેજર હેમાંગીની સી. પરમાર વિરુદ્ધ અંદાજે રૂ. 39 લાખની છેતરપિંડી બદલ ખંભોળજ પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.

ઓડ ગામના એજન્ટ શ્રેણીકભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ, ગ્રાહકો જૂની પોલિસીના પ્રીમીયમ ભરવા માટે જે ચેકો આપતા હતા, તેનો દુરુપયોગ કરી મેનેજર હેમાંગીની બહેને વીમાધારકોની જાણ બહાર તેમના જ પરિવારજનોના નામે નવી પોલિસીઓ ખોલી નાખી હતી. ડિસેમ્બર 2025માં જ્યારે પોલિસી પાકતી મુદતે ગ્રાહકોના ખાતામાં અપેક્ષિત રકમ કરતા ઓછી રકમ જમા થઈ, ત્યારે આ સમગ્ર કૌભાંડનો ભાંડો ફૂટ્યો હતો. જ્યારે એજન્ટે સ્ટેટમેન્ટ માંગ્યું, ત્યારે મેનેજરે 'સર્વર બંધ છે' કહીને ગ્રાહકોને ગેરમાર્ગે દોર્યા હતા.

આ ઉપરાંત, કેટલાક ગ્રાહકોના ખાતામાંથી પરવાનગી વગર NACH (ઓટો ડેબિટ) દ્વારા પણ નાણાં ઉપાડી લેવામાં આવ્યા હતા. ખંભોળજ પોલીસે હાલ આ મામલે ઉચ્ચ હોદ્દાનો દુરુપયોગ અને છેતરપિંડીની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ સમગ્ર કૌભાંડમાં નવ જેટલા વિમા ધારકોના નામ ખુલ્યા છે. જેમાં દિલીપકુમાર પટેલ, તુષારચંદ્ર પટેલ, મિનેશ પટેલ, બિમલભાઈ, નૈનેશકુમાર, સુજીતકુમાર, ભુપેન્દ્રભાઈ, સુરેશ પટેલ, ઈંદિરાબહેન અને નૈમીશાબેનનો સમાવેશ થાય છે.


**ધી ખેડા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપ. બેંક લી., નડીઆદ**

kdcc

હેડ ઓફિસ : સરદાર પટેલ સહકાર ભવન, ખેડા જિલ્લા સહકારી સંઘ પાસે, મીશન રોડ, નડીઆદ-૩૮૭૦૦૨

EMail - id : jobest.ho@khedadccb.bank.in

વેબસાઇટ : www.khedadccb.bank.in,

**:: એપ્રેન્ટીસ કલાર્કની જગ્યા માટેની જાહેરાત ::**

એપ્રેન્ટીસ કલાર્કની પોસ્ટ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઉપરોક્ત સરનામે તથા ઉપરોક્ત ઇ-મેઇલમાં નિયત સમયમર્યાદામાં અરજીઓ આવકાર્ય છે. વિગતવાર જાહેરાત તેમજ અરજી ફોર્મ બેંકની વેબસાઇટ www.khedadccb.bank.in ઉપર ઉપલબ્ધ છે. અરજી નિયત ફોર્મમાં કરવાની રહેશે. અરજી **Application Form For The Post Apprentice** માં કરવાની રહેશે.

અરજદારની અરજી ઉપર નિમણૂંક અંગેની તમામ કાર્યવાહી કરવાનો અને નિર્ણય લેવાનો બેંકને અબાધિત અધિકાર રહેશે અને બેંકનો નિર્ણય આખરી ગણાશે.

તારીખ : ૧૦/૦૬/૨૦૨૬

ચીફ એકિઝક્યુટિવ ઓફિસર